# "SUDARSHAN"

Weekly E-bulletin of Rotary club of Surat

16th July

Rotary club of Surat

SERVE TO CHANGE LIVES

Issue -3

R.I. President
**Shekhar Mehta**

District Governor
**Santosh Pradhan**

President
**Bhishma Jariwala**

Hon. Secretary
**Nikhil Madrasi**

Editor
**R'ann Manjari Desai**

We meet every Friday
Dr. Sarosh Bhacca Memorial Rotary Hall,
Jeevan Bharti School Annexe, Timaliawad, Nanpura,
Surat - 395001
For Private Circulaion only



Scanned with CamScanner







## 'નારી પ્રતિભાના ખજાના સમી ઇનર વ્હીલ ક્લબ ઓફ સુરતનો પદગ્રહણ સમારોહ'.

તા. ૯ જૂલાઇ,૨૦૨૧, શુક્રવારને સાંજે ૬.30 થી ૭.30 દરમ્યાન ભૂપેન્દ્ર જરીવાલા અને રૂપેશ જરીવાલાની જોડી દ્વારા પ્રેમથી પીરસાયેલ અતિ સ્વાદિષ્ટ, વિવિધ વાનગીઓના રસથાળ સાથે સૌ આમંત્રિતો આનંદમાં આવી ગયા.

સાંજે ૭.30 રાષ્ટ્રગાનથી રોટરી હોલ ગુંજી ઉઠ્યો અને ભિષ્માબેન જરીવાલાના આદેશ સાથે સૌ મિટીંગમાં જોડાઇ ગયા. પ્રેસિડન્ટ ભિષ્માબેન જરીવાલાએ એમના પ્રેમાળ શબ્દો દ્વારા સૌને આવકાર્યા. અમિષાબેન કિનખાબવાલા દ્વારા જન્મદિવસ અને લગ્નતિથિની શુભેચ્છાઓ અપાઇ અને સેક્રેટરી નિખિલ મદ્રાસીએ આવનારા કાર્યક્રમો વિશે સૌને અવગત કર્યા. રોટરી ક્લબ ઓફ સુરત હંમેશા નારી પ્રતિભાઓને નવાજતી આવી છે. નારી શક્તિઓને જાગૃત કરવામાં હંમેશા ઉત્સાહી રહે છે. રોટરીના ઉચ્ચ વિચારોમાંનો એક વિચાર છે.

"નારી શક્તિ એટલે નિસ્વાર્થ અને નિર્વ્યાજ પ્રેમનો સાગર કરૂણા, સહાનુભૂતિ અને ક્ષમાનો દરિયો, સરકતી સંધ્યાની શીતળતા અને ઊઘડતી ઉષાનો ઉજાસ"

આ વિચારોની વાવણી એટલે તા. ૯ જૂલાઇ, ૨૦૨૧ રોટરી કલબ ઓફ સુરતના સાથ સહકારથી થયેલ ઇનર વ્હીલ કલબની પદગ્રહણ વિધિ.

શુક્રવારની ઉત્સાહ પ્રેરક સંધ્યાએ ઇનર વ્હીલ ક્લબ પ્રેસિડન્ટ ૨૦૨૧ – ૨૨ અલ્પા જરીવાલા અને એમની ટીમે ભૂતપૂર્વ ડિસ્ટ્રીકટ ચેરમેન બીનાબેન દેસાઇના માર્ગ દર્શન હેઠળ પોતાની જવાબદારી સંભાળી. પ્રેસીડન્ટ ૨૦૨૦- ૨૧ ચૌલાબેને ગત વર્ષે ખૂબ જ મહેનત અને લગાવથી કરેલા કાર્યો વિષે જણાવી એમની ટીમ અને મદદરૂપ થયેલા દરેકનો આભાર વ્યક્ત કર્યો અને એમના કાર્યોનો વિસ્તાર સેક્રેટરી ૨૦૨૦ - ૨૧ નીતાબેન લેખડિયાએ રજૂ કર્યો. આઇ.પી.પી અલ્પાબેન મદ્રાસી દ્વારા પ્રતિભાશાળી ભૂતપૂર્વ ડિસ્ટ્રીકટ ચેરમેન બીનાબેન દેસાઇનો પરિચય સાંપડયો.

મોટી સંખ્યામાં રોટેરિયન મિત્રો, ઇનર વ્હીલ મેમ્બર્સ, અન્ય ઇનર વ્હીલ કલબના પ્રેસીડન્ટ, સેક્રેટરી, મેમ્બર્સ તથા અન્ય મહેમાનોની ઉપસ્થિતિથી ઉત્સાહ બમણો થયો હતો. વાતાવરણ જીવંત બન્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન રોટેરિયન નેહા લોટવાલા દ્વારા ખૂબ જ અસરકારક રીતે કરવામાં આવ્યું હતું અને ઇનર વ્હીલ કલબના વાઇસ પ્રેસીડન્ટ અંજનાબેન બચકાનીવાલાની આભારવિધિ પછી રોટરી પ્રેસિડન્ટ ભિષ્માબેન જરીવાળાએ સભાને પૂરી થયેલ ઘોષિત કરી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પડદા પાછળના મુખ્ય કલાકાર એવા સાર્જન્ટ એટ આર્મ્સ ભૂતપૂર્વ ડિસ્ટ્રીકટ ગવર્નર હિતેશ જરીવાલાને યાદ કર્યા વગર કેવી રીતે રહી શકાય?

ફોર વે ટેસ્ટનું વાંચન રૂપલબેન ભટ્ટે કર્યું હતું.





Scanned with CamScanner

# INCOMING.....

**:16th July :**
**Zoomba**
*
**'Food's to the needy'**

**:17th July :**
**Pal Aanganwadi**




**Rotary International Convention 2021-22**

**4th June to 8th June 2022**

**Houston, Texas, United States**




**19th July Harshad Kinkhabwala**








Scanned with CamScanner




સર્વિસ ડાયરેક્ટ નેહા લોટવાલાએ રોટરી મિત્રોને સાદ કર્યો કે...
'મને લાગી રે સમાજ કાર્યની લગન- તમે પણ સાથે આવો રે સ્વજન...'
અને તરત જ એક પછી એક મિત્રો રોટરીના વિવિધ સર્વિસ પ્રોજેક્ટમાં જોડાવા લાગ્યા.

*Saturday 10th July*

અમિષાબેન કિનખાબવાલાના સુંદર સંચાલન હેઠળ શરૂ થયેલા આ વર્ષના પાલ બાલ આંગણવાડીના હેલ્ધી ફૂડ ડિસ્ટ્રીબ્યુશન પ્રોજેક્ટમાં પ્રેમાળ જોડી કમલભાઇ ગાંધી અને જાગૃતિબેન ગાંધીએ સ્વાદિષ્ટ મીઠું અને પૌષ્ટિક દૂધનું વિતરણ કર્યું હતું. બાળકોની આંખોમાં છલકતા આનંદને જોઇ આ ઉમદા દંપતિને સંતોષ અને આનંદની મિશ્ર લાગણી થઇ હશે.






"ભૂખ્યાને ભોજન"

*Friday , 9th July*

"ગૌરવ પામશો દાને ના કદી ધન સંચયે - જુઓ ઊંચો રહે મેઘ નીચો છે જલસાર..."

મિત્રો અન્નદાન મહાદાન કહેવાયું છે. કેટલાય લોકો ભારતમાં ભૂખ્યા સૂઇ જાય છે કારણકે એમને અન્ન નથી મળતું. ત્યારે ફૂલ નહિ તો ફૂલની પાંખડી જેવું કાર્ય કરી અસંખ્ય ભૂખ્યામાંથી થોડાની ભૂખ શાંત કરી શકાય એવા ઉમદા, ઉચ્ચ હેતુથી રોટરી ક્લબ ઓફ સુરત દ્વારા નવા વર્ષમાં નવીન પ્રોજેક્ટ "ભૂખ્યાને ભોજન" ની શરૂઆત થઇ.

એ અંતર્ગત તા. ૮ જૂલાઇ, ૨૦૨૧ ને શુક્રવારની સાંજે રોટરી પાર્ટનર લીનાબેન શેતરંજીવાલા અને જયનાબેન સ્નેહલભાઇ પટેલ, હરિચંપા પાસે આવેલ ગરીબોની વસ્તીમાં જઇને લગભગ ૭૦ જણાને ખીચડી અને છાશનું વિતરણ કર્યું હતું. નેહાબેન લોટવાલા પણ અહી ઉપસ્થિત રહી સંચાલનમાં ભાગીદાર બન્યા.

રોટેરિયન ધર્મેશભાઇ વરણામિયાએ આ ભોજન વ્યવસ્થા માટે ખૂબ જહેમત ઉઠાવી હતી.

*The Motive power of Rotary is friendship.*

*.....Paul P harris. message to 1921 R I Convention, Edinburg, Scotland*



Scanned with CamScanner

# સી.એ. ડે અને ડોક્ટર્સ ડે ની ઉજવણી - ગુરૂવાર, તા. ૧ જુલાઈ, ૨૦૨૧

જેમણે પુરુષાર્થ, પરિશ્રમ, બુદ્ધિચાતુર્ય અને વ્યવસાયિક અભિગમથી સમાજ જીવનમાં મદદરૂપ થઇ પોતાના જીવનને ગૌરવવંતુ બનાવ્યું છે એવા આપણી કલબના માનવંતા ડોક્ટર્સ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસને ડોક્ટર્સ ડે અને CA ડે નિમિત્તે એમના ઘરે / ઓફિસે જઇ પ્રેસિડન્ટ ભિષ્માબેન અને ટીમે ભાવભીનું સન્માન કર્યું હતું.













*Thank you Nikhil;, Sandip, Bhupendra, Rupesh, Kundan, Hitesh.*





Scanned with CamScanner